અપીલ અરજી નં.૨૦૯ તા.૬–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ધનજીભાઈ કે પટેલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ધનજીભાઈ કે પટેલની તા.૩૦–૬–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) ટી.પી.૪(અશ્વનીકુમાર), ફા.પ્લોટ નં.૮૦ સબ પ્લોટ નં. ૧ તથા ૨ ના બાંધકામની વિકાસ પરવાનગી ટીડીઓ /ડીપી/ ૨૭૬, તા.૧૬–૦૧–૦૯ થી મંજુર થયેલ પ્લાનમાં કેટલા મીટર માર્જીન છોડવામાં આવેલ છે. વિ.મુદ્દા નં. (૧) થી (૪) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૬–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૦૯/૨૦૧૧–૧૨

શ્રી ધનજીભાઈ કે પટેલની તા.૩૦–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ટી.પી.૪(અશ્વનીકુમાર), ફા.પ્લોટ નં.૮૦ સબ પ્લોટ નં. ૧ તથા ૨ ના બાંધકામની વિકાસ પરવાનગી ટીડીઓ /ડીપી/ ૨૭૬, તા. ૧૬–૦૧–૦૯ થી મંજુર થયેલ પ્લાનમાં કેટલા મીટર માર્જીન છોડવામાં આવેલ છે.વિ.મુદ્દા નં. (૧) થી (૪) ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)ના પત્ર નં. ઈઝેડ/ આરટીઆઈ/ ૨૫૨ તા.૦૨–૦૮–૧૧થી અસંતોષકારક અને અધુરી માહિતી આપેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા **બીલ્ડીંગ ઈન્સ્પેકશન અંગે લાગત અધિકારીની કોઈ સ્થળ મુલાકાત થયેલ હોવાની દફતરે વિગત હોય તો તે પણ મોકલવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૬૪૮ તા.૧૧–૮–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં તેમને અધુરી અને અસંતોષકારક માહિતીના દાવા અંગે આધાર સહ કયા મુદ્દા પરત્વે નારાજગી છે તે સ્પષ્ટ કરવા તથા જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ મુજબ સંપર્ક કરેલ છે કે કેમ ? તે પછી પણ નારાજગી હોય તો મુદ્દાવાર સ્પષ્ટ કરવા તથા વધુમાં આરટીઆઈ એકટની કલમ– ૨(એફ) અને (જે) હેઠળ જાહેર સત્તામંડળ પાસેની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. જે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૫૨ તા.૨૯–૮–૧૧ થી પુરક વિગતોમાં અરજદારે પરત ખેંચેલ અરજીની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નંઈ.ઝેડ/આરટીઆઈ/૨૫૨ તા.૨–૮–૧૧ ના પત્રની નકલ, નોંધ વિભાગ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૩૦–૬–૧૧ ની અરજીથી ટીપી નં.૪ (અશ્વનીકુમાર) ફા.પ્લોટ નં.૮૦ સબ પ્લોટ નં.૧ તથા ૨ ના બાંધકામના વિકાસ પરવાનગી બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૨૫૨ તા. ૨–૮–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ. જેમાં .(૧) ટી.પી.૪(અશ્વનીકુમાર), ફા.પ્લોટ નં.૮૦ સબ પ્લોટ નં. ૧ તથા ૨ ના બાંધકામની વિકાસ પરવાનગી ટીડીઓ /ડીપી/ ૨૭૬, તા. ૧૬–૦૧–૦૯ થી મંજુર થયેલ પ્લાનમાં કેટલા મીટર માર્જીન છોડવામાં આવેલ છે. મુદ્દા નં.(૨) છોડેલ માર્જીનની વિગત (૩) સીઓપી કયાં છે તેની વિગત તેવા મુદ્દા નં.૧ થી ૩ ના પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી આરટીઆઈ અરજી અન્વયે આપવામાં આવેલ મંજુર પ્લાનના નકશામાં દર્શાવેલ છે જેની નોંધ લેશો. વધુમાં માહિતી માટે શહેર વિકાસ વિભાગ વરાછાઝોનનો સંપર્ક કરવા પણ જણાવેલ છે. મુદ્દા નં.૪ છોડેલ માર્જીનની હાલની સ્થિતિ શું છે? (ઓપન છે કે બાંધકામ થયેલ છે) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગેલ માહિતી વરાછાઝોનના ઉપલબ્ધ રેકર્ડ ઉપર ન હોય આપી શકાય તેમ નથી. આરટીઆઈ એકટની જોગવાઈઓ અન્વયે સ્થળ તપાસ કરી માહિતી આપવાની જોગવાઈ નથી તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલી માહિતનો જવાબ સંતોષકારક નથી અને અધૂરી માહિતી આપેલ છે તેવું જણાવી તા.૬–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના સંદર્ભે અરજદારને અત્રેથી અપીલ તબકકે પત્ર નં.આરટીઆઈ સેલ/૬૪૮ તા.૧૧–૮–૧૧ થી જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર સંપર્ક કરેલ છે કે કેમ? તેમજ અધૂરી અને અસંતોષકારક માહિતીના દાવા અંગે આધાર પુરાવા રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ અરજદાર તરફથી તેવી કોઈ પૂરક વિગતો રજૂ કરેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારીએ તા.૨૯–૮–૧૧ થી રજૂ કરેલ પૂરક વિગતોમાં અરજદાર તરફથી રૂબરૂમાં આવીને તેમની અરજી તથા અપીલ દફતરે કરવા અંગેનો પત્ર મારી અરજી અંગે માંગ્યા મુજબની નકલો મળી ગયેલ હોઈ જવાબની જરૂર નથી તેથી મે કરેલી અરજી મારી લેખિત સંમતિથી પરત ખેંચુ છું એવી અરજીની નકલ અત્રે રજૂ કરેલ છે. જેના સંદર્ભે અરજદારને અત્રેથી આરટીઆઈ સેલ/૭૩૦ તા.૩–૯–૧૧ થી અપીલ અરજી ખરેખર આપના ધ્વારા પરત ખેંચવામાં આવી છે કે કેમ? અને તે અંગે સમર્થ/બહાલી મોકલી આપવા જણાવવામાં આવેલ. પરંતુ અરજદાર તરફથી તે અંગે પણ કોઈ પ્રતયુત્તર પાઠવેલ નથી. આથી અરજદારને તેમની પરત

ખેંચેલ હોવાનું માનવાને કારણ છે. આમ અરજદારે માંગ્યા મુજબની નકલો મળી ગયેલ હોઈ જવાબની જરૂર નથી મે કરેલી અરજી લેખિત સંમતિથી પરત ખેચું છું તેવું જણાવતી અરજદારની અરજી યર્થાથ નહીં હોવાનું માનવાને કારણ રહેતું નથી.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦–૬–૧૧ ની અરજીથી માંગેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીના તા.૨–૮–૧૧ ના પત્રથી અરજદારને જણાવેલ વિગતે તેઓને આપવામાં આવેલ મંજુર પ્લાનના નકશામાં દર્શાવેલ છે તેમ છતાં વધુ માહિતી માટે સંપર્ક કરવા કરેલ પ્રસ્તાવ તથા અરજદારની માંગ્યા મુજબની નકલો મળી ગયેલ હોઈ જવાબની જરૂર નથી " મે કરેલી અરજી લેખિત સંમતિથી પરત ખેચું છું " તેવું જણાવતી અરજીના ઉપલક્ષ્યમાં અપીલ અરજી અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ધનજીભાઈ કે પટેલ,